

# અનુપમી સંતોના અક્ષરધામ ગમને વંદન !



❁ અક્ષરધામગમન : ૧૮ ઑક્ટોબર ૨૦૨૦ ❁

## સાધુ પૂજ્ય દામજીદાસજી !

પૂર્વના સંબંધે યોગમાં આવેલા દિવ્ય આત્મા
સાહેબજીનાં દર્શને આ મારા પ્રભુ મનાયું
'બ્રહ્મજ્યોતિ' જ મારું ઘર છે તે મનાયું
પ.પૂ. અશ્વિનદાદા જેવા પ્રભુધારક સત્પુરુષમાં પ્રીતિ થઈ
સેવામાં જોડાઈ ગયા... આત્મસાધના શરૂ થઈ
કર્મ કરતા રહો... પ્રભુને રાજી કરતા રહો
તે મંત્ર લઈને મંડ્યા... ને સાહેબજીને રાજી કરતા રહ્યા.
અનુપમ મિશનના વેચાણ કેન્દ્રમાં સેવા શરૂ કરી
સાથીદારો સાથે પ્રેમલભાવે કાર્ય કર્યું.
'સ્વ'ના ભાવ ઘસાતા રહ્યા... જ્ઞાન જીવન બન્યું
અંતરે શાંતિ અનુભવતા ગયા ને જીવતા રહ્યા
દેહ સાથ ન આપે તો પણ સેવા કરી
તો આત્મામાં બળ પ્રગટ્યું ને જીવન જિવાતું ગયું
વફાદારીનો ગુણ મોટો તો સેવામાં ફાવી ગયું
હરિભક્તોનો રાજીપો પણ મળતો ગયો
આવા સંત પોતાનું આત્મિક કાર્ય પૂર્ણ કરે, દેહલીલા સંકેલે.
દામજીદાસે દેહ છોડી દીધો,
નવો જન્મ પુનઃ પ્રભુના યોગમાં મળે
પોતાની અધૂરી રહેલી સાધના પૂર્ણ કરશે.
'અક્ષરં અહં પ્રગટ પુરુષોત્તમ સ્વરૂપસ્ય દાસોસ્મિ'
આ સિદ્ધ કરવું એ આપણો ધર્મ
તે પૂર્ણ થતા સુધી પ્રભુ અખંડ યોગ આપે.
તે યોગમાં રહી તેઓની સાધના પૂર્ણ થશે
તે માટે આપણે મહારાજ ! સ્વામી !
પ.પૂ. સાહેબજી ! પ.પૂ. અશ્વિનદાદાના ચરણે પ્રાર્થીએ !



❁ અક્ષરધામગમન : ૨૦ ઑક્ટોબર ૨૦૨૦ ❁

## સાધુ પૂજ્ય ઘનશ્યામદાસજી !

બ્રહ્મવિદ્યાર્થી સાધુ... પવિત્ર સાધુ,
સંબંધે જીવનાર સાધુ... સૌને મોટા માનનાર સાધુ
સાધનાનો પ્રારંભ સાહેબજી સાથેના અનાદિ પ્રેમે થયો
આમ તો જૂનાગઢ તીર્થે... સાહેબજીએ સ્વીકારેલો આત્મા
વ્રત લીધાં... સાધુ થયા ને સાહેબજીની સેવામાં જોડાયા
અંગત સેવા... અખંડ સાહેબજીનાં ચિંતવન કર્યાં
તો સમગ્ર શુદ્ધ થયું... સાહેબજીને પણ
પૂર્ણ શુદ્ધ કરવા ઉમંગ ને સંકલ્પ
સાધનાના ભાગરૂપે સંસારમાં ગયા પણ સ્પર્શ્યો નહિ
તે કાળમાં પણ સાહેબજીને રાજી કરવા ભાવ અખંડ રહ્યો
કેવળ સંબંધે જીવન... સાહેબજીનાં તે મારાં સાચાં સગાં
તે જીવનની પ્રતિપળે જીવતા રહ્યા ને આનંદ કરતા રહ્યા
નિષ્કામી-નિર્લોભી-નિર્માની જીવનનાં દર્શન કરાવ્યાં
સેવામાં ઉમંગ સાથે મહિમા ને અહોહોભાવ
સાહેબજીની સેવામાં રહ્યા તો રાજી કરતા રહ્યા
ભક્તોની સેવામાં રાખ્યા તો સૌને રાજી કરી લીધા
સૌ ભક્તો જે સાહેબજીના - સંતોના સંબંધી તે મારા
તે બોલ્યા વગર જીવતા રહ્યા... સૌને રાજી કરતા રહ્યા
આવા સાધુનું જીવન એ જ ઉપદેશ બન્યું
તેઓની સ્મૃતિ કરીએ તો સહજ બે હાથ જોડાઈ જાય
તેઓને વંદન કરીએ તે સાહેબજીને પહોંચે
સાહેબજીનાં સૌને પોતાનાં માન્યાં ને સેવા કરી
આજે તે સેવાની મ્હેક બ્રહ્મજ્યોતિમાં જીવંત છે
તે સાધુને અનંત વંદન છે... પ્રણામ છે.
સાધુ થયા... જીવનભર સાધુ રહ્યા... નિર્દોષ સાધુ
હે ઘનશ્યામભાઈ ! જ્યાં નજર જાય ત્યાં આપ દેખાવ છો
સદા અત્યારે પણ અનુભવાય છે... આનંદ થાય છે.
હે સાહેબદાદા!
આવા સંતોના યોગમાં આનંદીએ છીએ...
આ ભાવે આગલા જન્મોમાં જિવાડ્યા... આ જન્મે પણ જિવાડ્યા.
અખંડ આ સંતોના યોગમાં રાખી
અમને સાચા સાધુ બનાવશો તે શ્રદ્ધા છે !







❁ અક્ષરધામગમન : ૨૧ ઑક્ટોબર ૨૦૨૦ ❁

## સાધુ પૂજ્ય ગોપાલદાસજી !

સાહેબજીનો ઓલિયો સાધુ
નિઃસ્પૃહી... નિર્માની... નિરઅહંકારી... નિર્મલ
દેહાતીત જીવન... પરને અર્થે જીવન
'નિર્દોષબુદ્ધિ' સૌથી મોટી સેવા
જીવનના પ્રત્યેક વર્તનમાં જીવ્યા... સાહેબ રાજી થયા.
સંબંધનો મહિમા અપાર... સમજે ને વર્તે
માહાત્મ્ય ગાય ને પ્રસારે... સૌને શાંતિ કરે
હકારાત્મક જીવન... સૈદ્ધાંતિક જીવન
કોઈના દોષ દેખાય નહિ... દેખાવા દે નહિ.
ઘણી બધી જ્ઞાનની વાતો યોગીબાપાની અનુસરે
સૌને વંદે... સૌને નમે... 'સ્વ' રહિત પ્રતિપળ જીવે
સાહેબજીને રાજી કરવાનું જ અનુસંધાન
સંતો સર્વ બહુ મોટા... વિક્તિમાં ના પડે
કોઈ ટીકા કરે તો હસી કાઢે મનમાં ન જ લે
તેઓનો આનંદ કદી ગયો નહિ... બ્રહ્માનંદી જીવ્યા
અખંડ કાર્યરત... મનમુખી નહિ ગુરુમુખી જીવન
પ્રાર્થનાનું જ બળ લે... પ્રભુને જ ઉપાયભૂત કરે
સાધનાનાં રહસ્યો જીવન જીવીને સમજાવે
તેવા 'ગોપાલબાપા' બાળકોના સાચા બાપા બન્યા
નિર્દોષ બની રહ્યા... સૌને નિર્દોષ માનતા રહ્યા
હે ગોપાલજીબાપા !
આપની એ પ્રાર્થનાનો પ્રભાવ અનેકને સ્પર્શ્યો
અનંત મુક્તોને સાહેબજી ને સંતોનો મહિમા આપે ગાયો
અનેકનાં જીવન દિવ્ય બન્યાં... પ્રભુમય બન્યાં
આપના આ દિવ્ય સંબંધે આપ આજે પણ અમારી સાથે છો
અખંડ રહેજો... બળ દેતા રહેજો...
સાહેબજીનું ગમતું જિવાડતા રેજો.

❁ અક્ષરધામગમન : ૩૦ ઑક્ટોબર ૨૦૨૦ ❁

## સાધુ પૂજ્ય ગોવિંદદાસજી !

અનુપમ દિવ્ય સાધુતાની મૂર્તિ
પ્રગટ થયા સમજ આવી ને સમર્પિત થયા.
જીવનનાં ૫૫ વર્ષ સાહેબજીના ગમતામાં જીવ્યા
'સાહેબજી'ને સાક્ષાત્ 'સ્વામિનારાયણ' સ્વરૂપ માન્યા
'સ્વ' છોડ્યું... સાહેબજીનું ગમતું સ્વીકાર્યું
સાહેબજીનાં ગમતાં ગમાડ્યાં... બ્રહ્મ સંબંધે સંબંધ
દેહના સર્વ સંબંધો ગૌણ... પ્રભુ સંબંધે સૌને વંદતા રહ્યા
'હું' મૂક્યું... પ્રભુ ચરણે ધર્યું... પ્રભુના ગમતામાં દેહ વાપર્યો
પ્રભુ પ્રત્યક્ષ 'સાહેબજી' સ્વરૂપે મળ્યા છે તે માન્યું
'સાહેબજી' 'ને 'સાહેબજી'નાં સૌ તે મારાં... તે વ્હાલાં
સંબંધે આત્મસ્વરૂપો માન્યાં ને વંદન ધરતા રહ્યા
સૌને નિર્દોષ માનતા રહ્યા... સૌના દાસ બની રહ્યા
સાહેબે કર્મયોગમાં જોડ્યા... ને સેવાઓ આપી
સાથી સૌને નિર્દોષ માની એકતા જાળવી સેવા કરી
દેહભાવ ઘસાયો... બ્રહ્મભાવનું જીવન બની ગયું
સૌ મારા સાહેબનાં તે સૌ મારાં પૂર્ણતઃ સ્વીકાર્યું
વડીલોને વંદન... સાથીઓનો સ્વીકાર... બાળકોને પ્રેમ
સહજ થતો રહ્યો ને સાહેબજીની અંતર પ્રસન્નતા કમાતા રહ્યા.
અનુપમ સત્સંગના વિકાસમાં પાયામાં હોમાયા
ભક્તોને સેવાઓ કરાવતા રહ્યા... માહાત્મ્યનાં સિંચન કરતા રહ્યા.
સૌ ભક્તો માટે પ્રાર્થના થતી રહી... માળા ફરતી રહી
અંતર નિર્મળ કરી લીધું... સાહેબજીએ કૃપા કરી કરી દીધું.
સૌના સુહૃદ... સૌના દાસ... સૌના સ્વજન બની ગયા.
'ગોવિંદપ્રસાદજી'ને લાખ લાખ વંદન ! અનંત પ્રમાણ !
આપ સદા સ્મૃતિમાં સાથે છો... જન્મોજન્મ રહેશો.
અમો સૌ... સાહેબનાં... તે નાતે આપનાં વ્હાલાં...
આજે પ્રાર્થના કરીએ... પ્રભુને-પ્રભુ પ્રગટ સાહેબજીને...!
આપણા સર્વનું પ્રભુ સાથે અદ્વૈત સ્થપાઈ જાય... ત્યાં સુધી
આ અક્ષરં અહં... પ્રગટ પુરુષોત્તમ સ્વરૂપસ્ય દાસોસ્મિ...ની સાધના.
ચાલતી રહે... સદા સૌ સાથે રહી ભક્તિ-સેવા કરતા રહીએ.